BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

Azadi Ka Amrit Mahotsav

પરિપત્રઃ

વિષયઃ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત આધાર નંબર-બેંક ખાતા લીંક(DBT) કરાવવા બાબત.

સંદર્ભઃ ૧) નાયબ નિયામક(અ.જા.ક.)ની કચેરી, જૂનાગઢનાં પત્ર ક્રમાંક નાનિ/૧૯૭૭/૨૦૨૩, તા.૨૭/૦૯/૨૦૨૩.
૨) અત્રેની યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક બીકેએનએમયુ/એકેડેમિક/૧૪૮૬/૨૦૨૩, તા.૨૫/૦૭/૨૦૨૩.
૩) અત્રેની યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક બીકેએનએમયુ/એકેડેમિક/૧૦૪૬/૨૦૨૩, તા.૦૬/૦૫/૨૦૨૩.
૪) નાયબ નિયામક(અ.જા.ક.)ની કચેરી, જૂનાગઢનાં પત્ર ક્રમાંક નાનિ/૯૫૮/૨૦૨૩, તા.૦૨/૦૫/૨૦૨૩.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત સંદર્ભદર્શિત પત્રો અન્વયે જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટેની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવાની બાકી હોય જેથી બેંકમાં આધાર કાર્ડ લીંક કરાવવા, આધાર બેઈઝ પેમેન્ટ કરાવવા અંગે દરેક કોલેજો-અનુસ્નાતક કેન્દ્રોનાં આચાર્યશ્રીઓ એ માહિતગાર કરી આ બાકી રહેલ કામગીરી દિન-૫ માં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

**ખાસ નોંધઃ**

**ઉક્ત કામગીરી નિયત સમયમર્યાદામાં ઝડપથી પૂર્ણ થાય તે માટે ગંભિરતાપૂર્વક નોંધ લઇ કોલેજનાં આચાર્યશ્રીઓએ કરવાની રહેશે અન્યથા શિષ્યવૃત્તિ વિલંબ અંગે આપશ્રીની અંગત જવાબદારી રહેશે.**

કા.કુલસચિવ

બિડાણઃ
- સંદર્ભક્રમાંક ૧ ની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૮૫૩/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૦૫/૧૦/૨૦૨૩

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાનાઃ-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થેઃ-**
(૧) આઇ.ટી.સેલ. વેબસાઇટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

સરદારબાગ સેવા સદન-૧ ત્રીજોમાળ જુનાગઢ જિ.જુનાગઢ ફોન નં. (૦૨૮૫) ૨૬૩૦૩૫૮

E-Id : dbcwo-jun@gujarat.gov.in

નં.ના.નિ./જુના/૧૧-૧૧/૨૦૨૩ | તા.૨૭-૦૯-૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

......................................

......................................

જિ.જુનાગઢ.

વિષયઃ- **વર્ષ-૨૦૨૨-૨૩ માં પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનામાં આધાર નંબર-બેંક ખાતા લીંક (DBT) કરાવવા બાબત.**

સવિનય સાથ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે તા.૨૬/૦૯/૨૦૨૩ ના રોજ માન. નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગરના અધ્યક્ષ સ્થાને મળેલ મીટીંગમાં નિયામક સાહેબની કડક સૂચના મુજબ હાલમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ શરુ થઈ ગયેલ છે ત્યારે વર્ષ ૨૦૨૨-૨૩ની શિષ્યવૃત્તિની કામગીરી બાકી છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ વર્ષ ૨૦૨૨-૨૩ માટે બેંકમાં આધાર કાર્ડ લીંક કરી અને આધાર બેઇઝ પેમેન્ટ એક્ટીવની જુનાગઢ જિલ્લાની ૯૭.૭૬ ટકા કામગીરી થયેલ છે. જે અધુરી કામગીરી દિન-૭(સાત)માં ૧૦૦ ટકા પુર્ણ થાય તે બાબતે માન. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગરએ સૂચના આપેલ છે.

જે કામગીરી ઉક્ત સમયમર્યાદામાં ઝડપથી પુર્ણ થાય તે માટે ગંભીર નોંધ લઇ કોલેજના આચાર્યશ્રીએ કરવાની રહેશે. અન્યથા શિષ્યવૃત્તિ વિલંબ અંગે આપશ્રીની અંગત જવાબદારી રહેશે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
જૂનાગઢ

બીડાણ:

(૧)અનુસુચિત જાતિનાં વિધાર્થીઓના આધાર નંબર અને બેંક ખાતા સાથે લીંક કરવાની પ્રોસીઝરનું જરૂરી માર્ગદર્શન પત્રક

નકલ રવાના:

(૧)માન. રજીસ્ટ્રાર શ્રી, ભક્ત કવિ નરસિહ મહેતા યુનિવર્સીટી,જુનાગઢ.**(આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા સારૂં)**

**નકલ સવિનય રવાના જાણ સારૂ**

(૧) માન. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર

GENERAL REGISTER
Inward No. 5433
Date. 3/10/23

AFFILIATION
Inward No. 5235
Dt. 4/10/23

## ::નાયબ નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, બહુમાળી ભવન-જુનાગઢ::

અનુસુચિત જાતિનાં વિધાર્થીઓના આધાર નંબર અને બેંક ખાતા સાથે લીંક કરવાની પ્રોસીઝરનું જરૂરી માર્ગદર્શન

➢ **સૌ પ્રથમ આચાર્યશ્રીએ કરવાની કામગીરી-**

ડીજીટલ ગુજરાત પોર્ટલ પર લોગીન થયા બાદ,

1. Post Matric સ્કોલરશીપ મેનુમાં જવાનું ત્યારબાદ,
2. Post Matric **PFMS Reject/Accept Details** ઓપ્શન પર ક્લિક કરવાનું,
3. **Reject** લીસ્ટમાં જઈ જેટલા વિધાર્થીઓ **Reject** કેટેગરીમાં આવતા હોઈ તેવા તમામ વિધાર્થીઓને તાત્કાલિક જાણ કરવાની રહેશે.

➢ **વિધાર્થીએ કરવાની કામગીરી-**

વિધાર્થીએ પોતાની બેન્કમાં જઈ ફરજીયાત નીચે મુજબની બંને કાર્યવાહી કરવાની રહેશે

1. **આધારકાર્ડ બેંક ખાતા સાથે લીંક કરાવવાનું.**
2. **પોતાના બેંક ખાતામાં આધાર બેઝ પેમેન્ટનો(DBT) ઓપ્શન એક્ટીવેટ કરાવવાનો.**

વિધાર્થીએ પોતાનું **બેંક એકાઉન્ટ આધાર કાર્ડ સાથે લીંક કરાવીને** સાથે **આધાર બેઝ પેમેન્ટનો ઓપ્શન પણ "ફરજીયાત" પણે એક્ટીવેટ** કરાવવાનો રહેશે અન્યથા સ્કોલરશીપ બેંક ખાતામાં જમા થશે નહિ. ઉક્ત બંને કાર્યવાહી પૂર્ણ થયા બાદ વિધાર્થીએ આચાર્યશ્રીને જાણ કરવાની રહેશે.

❖ **આચાર્યશ્રીએ કરવાની કામગીરી**

જ્યારે વિધાર્થીઓનું બેંક ખાતું આધાર કાર્ડ સાથે લીંક થઇ જાય અને આધાર બેઝ પેમેન્ટ એકટીવ થઇ ગયા બાદ આચાર્યશ્રીઓએ ફરી ઉક્ત મેનુમાં જઈને **વિધાર્થીના નામ સામે ડાબી બાજુ "NPCI બટન" પર ક્લિક કર્યા બાદ "Aadhaar Linked" બટન પર ક્લિક** કરવાનું રહેશે. વિધાર્થીએ બેંકે જઈ ઉક્ત કામગીરી પૂર્ણ કરાવેલ હશે તો જ બટન પર ક્લિક કરી શકાશે. જેથી આવા વિધાર્થીઓનું શિષ્યવૃત્તિ અંગેની આગળની કાર્યવાહી થઇ શકે.